નવરાત્રીમાં રંગબેરંગી પાઘડીઓનો અનોખો ટ્રેન્ડ

પેથાપુરમાં જય ભવાની સાફા હાઉસમાં આ વર્ષે સાફાનો નવો સ્ટોક આવ્યો છે જેમાં ગ્રુપમાં ગરબા રમતા ખેલૈયાઓ માટે એક સરખા સાફાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે

ગાંધીનગર, તા. ૨૧ વિશ્વભરમાં ગરવી ગુજરાતની ઓળખ એટલે ગરબા. ત્યારે હવે નવરાત્રીને ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે દર વર્ષે ખેલૈયાઓમાં નવા નવા ટ્રેન્ડ જોવા મળી રહ્યા છે. જેમાં આ વર્ષે રંગબેરંગી પાઘડી આકર્ષણનું કેન્દ્ર બનશે. નવરાત્રીમાં ખાસ કરીને પૌરાણિક પહેરવેશ જોવા મળતો હોય છે. તે પ્રમાણે આ વર્ષે પણ કચ્છી, ભરતકામ, ભરવાડી અને ઢેબર વર્કમાં પહેરવેશ જોવા મળશે. ખેલૈયાઓ નવરાત્રીમાં પોતાના સાજ-શણગાર પાછળ હજારોનો ખર્ચો કરતા જોવા મળે છે. ત્યારે ગાંધીનગરમાં પેથાપુર સ્થિત જય ભવાની સાફા હાઉસ ખાસ ગ્રુપ માટે સાફાનું નવુ મટિરીયલ લાવ્યા છે. બિલોદ્રાવાળા નિકુલસિંહ ચાવડાના જણાવ્યા મુજબ પેથાપુર સ્થિત તેમની દુકાનમાં આ વર્ષે ગરબા ખેલૈયાઓ માટે નવો સાફાનો સ્ટોક ઉપલબ્ધ કરવામાં આવ્યો છે. જેમાં ૧૦૦ રૂપિયાથી ૧૮૦ રૂપિયામાં અવનવી ડિઝાઈનમાં સાફા જોવા મળી રહ્યા છે. નવરાત્રીમાં ખેલૈયાઓ સુંદર મજાના પહેરવેશ તો પહેરે જ છે જેમાં નવા-નવા શોખ ઉમેરીને નવા-નવા ટ્રેન્ડ બની જાય છે. સાફાની વાત કરીએ તો છોકરાઓ કેડિયા પહેરે તેમાં વજનદાર સાફા તો પહેરતા જ હોય છે. જે સૌ કોઈને ખબર છે ત્યારે હવે તો છોકરીઓ પણ સાફામાં જોવા મળે છે. ચણિયાચોળી વિથ રંગબેરંગી સાફામાં મહિલાઓ સાફામાં સજ્જ થઈને ગ્રુપમાં સેલ્ફી લઈને નવરાત્રીમાં ઉત્સાહપૂર્વક દસેય દિવસ ગરબાની રમઝમટ સાથે આ પર્વ ઉજવે છે. જો કે સાફા તો લગ્નમાં પહેરાતા હોય છે. એક સરખા કલરમાં જાનૈયાઓ સાફા પહેરીને જાન લઈને જતા નજરે પડે છે. જો કે સાફાએ કંઈક અલગ જ આકર્ષણ ઉભું કરી મુક્યું છે. ગાંધીનગર જ નહી તમામ સીટીમાં સાફા પહેરીને ગરબા રમતા ખેલૈયાઓ જોવા મળશે. સાફામાં પણ વિવિધતા જોવા મળશે. આ વર્ષે શહેરીજનો રાસ-ગરબા રમવા માટે ખૂબ થનગની રહ્યા છે. હાલમાં ગરબાની સંપૂર્ણ તૈયારીઓ ઘણા લોકો કરીને બેઠા છે. તો ઘણા લોકો બજારમાં આમ-તેમ દુકાનોમાં પોતાની મનપસંદ ચીજવસ્તુઓની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. વેપારીઓ પણ દુકાનોમાં ખરીદીનો માહોલ છવાતા આનંદમાં જોવા મળી રહ્યા છે.

શહેરમાં યોજાયો વીરાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર,તા.૨૧ વીરાંજલિ કાર્યક્રમ પાટનગરનાં આંગણે યોજાઈ હતો. આ મલ્ટીમિડીયા કાર્યક્રમ વીરાંજલિમાં ગાંધીનગર વાસીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. શહિદોને સલામી આપતા આ પર્વને નગરજનોએ ઉત્સાહભેર માણ્યો. આ કાર્યક્રમને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી અને ભા. જ.પ.ના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી નડ્ડાના હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત દેશના નામી - અનામી શહીદોને શ્રદ્ધાંજલી અર્પવાના ઉમદા ભાવથી વિરાંજલી કાર્યક્રમ ગાંધીનગરના આંગણે રજૂ થઈ રહ્યો છે. આઝાદીના અમૃત મહોત્સવમાં ૬ લાખ નાગરિકને જોડવામાં આ કાર્યક્રમ સફળ રહ્યો છે. આપણને મહામૂલી આઝાદી અપાવવામાં શહીદ વીરક્રાંતિકારી ઓએ કેવી યાતનાઓ ભોગવી છે, જેનો અહેસાસ આજના યુવાનોને આ કાર્યક્રમ થકી થશે. આ કાર્યક્રમમાં ૧૫૦ જેટલા કલાકારો પોતાની ભૂમિકા પુરા દેશ દાઝ સાથે દાખવી રહ્યા છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી નડ્ડાએ પ્રાંસગિક ઉદબોધન કરતા વીરાંજલિ કાર્યક્રમમાં દેશભક્તિથી ઓતપ્રોત એવા ઉપસ્થિત સમગ્ર નગરજનોને આવકાર્યા હતા.આઝાદીના અમૃત મોહત્સવ સમયે જાણીતા અજાણ્યા શહિદોને યાદ કરવા,તેમના જીવન અને બલિદાનોને સમજવા આકાર્યક્રમને તેમણે શ્રેષ્ઠ માધ્યમ ગણાવ્યુ હતુ.આ વીર શહિદો ને જાણવાની સાથે સાથે સચોટ જાણકારી મેળવવી એપણ એક જવાબદારી છે, જે નવયુવાનોને હજી ૨૦૪૬ જોવાનુ છે, તે યુવાનોને કર્તવ્ય પથપર આગળ વધવાની પ્રેરણા આપતા જણાવ્યુ હતુ કે, આપણા પુર્વજો અને નેતાઓએ જે દેશ માટે કર્યુ છે એ આપણે જોયુ છે પણ હવે આપણો કરવાનો વારો છે, કેમકે જ્યારે આપણે આઝાદીના ૧૦૦ વર્ષ મનાવ્યે ત્યારે ભારતને એક વિકસિત દેશ તરીકે જોઈ શક્યે અને વિદેશી વિરાસતથી સંપુર્ણ નિજાદ મેળવી શકીશુ, પોતાની વિરાસત પ્રત્યે ગૌરવ અનુભવી શકીશુ. આ પ્રસંગે ગાંધીનગરનાં કલેક્ટર શ્રી સુરભિ ગૌતમ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દિલીપભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો અને મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિતિ રહીને કલાકારો ઉત્સાહ વધાર્યોહતો.

ખોટા આદિવાસી પ્રમાણ પત્રના વિરોધમાં ગુજરાતના સાચા આદિવાસી સમાજ દ્વારા સચિવાલય ગેટ નં ૧ ની સામે આદિવાસી સમાજના વડીલો,યુવાનો તેમજ તમામ ૧૪ આદિવાસી જીલ્લા આદિવાસીઓ દ્વારા મોટી સંખ્યા સર્મથન આપીને ગાંધીનગરમાં ધામાં નાખવાની જાહેરાત કરી છે.જેના ભાગ સ્વરૂપે આદિવાસી સમાજના ૪ જેટલા ધારાસભ્યોએ પણ હાજર રહીને સમાજને પોતાનું સમર્થન આપ્યું હતું.જેમાં આદિવાસી સમાજ દ્વારા વિવિધ અલગ અલગ મુદ્દાઓ મૂક્યા હતા જેવા કે ૧) ખોટા આદિવાસી પ્રમાણપત્ર મેળવનાર પર કાનૂની કાર્યવાહી માંગ.૨)રબારી,ભરવાડ, ચારણ ને OBC માં નાખવાની જાહેરાત. ૩) આદિવાસી જાતિ પ્રમાણપત્રનો ૨૦૧૮ અને ૨૦૨૦ નો કાયદાનો ચુસ્ત અમલ કરવો. ૪)તા.૧૫/૦૬/૨૦૨૨ તેમજ ૦૪/૦૮/૨૦૨૨ ના રોજ ગુજરાત સરકાર દ્વારા કરેલ પરિપત્ર રદ કરવામાં આવે. ૫)૨૦૨૦માં સરકાર દ્વારા કરેલ સમાધાન પૈકી કારીઆ કિમિટીનો રિપોર્ટ જાહેર કરીને અમલ કરવો જેવી વિવિધ માંગ સાથે સરકાર સામે આદિવાસી સમાજ પણ બાયો ચડાવી છે.

બાળકોમાં વૈજ્ઞાનિક માનસ કેળવવા પ્રયત્નશીલ ડબલ એન્જિન સરકાર

સાયન્સ સીટી ખાતે રોબોટીક ગેલેરી, નેચર પાર્ક અને એક્વાટીક ગેલેરી જેવા નવા આકર્ષણોનો ઉમેરો

રૈયોલી ડાયનાસોર પાર્ક વિશ્વરભરના પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બન્યું

ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી રાજ્યના બાળકો અને યુવાનોમાં વિજ્ઞાન પ્રત્યેની રૂચિ કેળવાય તે માટે સતત પ્રયત્ન કરી રહી છે. રાજ્યના બાળકોમાં વૈજ્ઞાનિક માનસ કેળવાય તે માટે ડબલ એન્જિન સરકારનો લાભ રાજ્યને મળી રહ્યો છે. રાજ્યમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ ખાતે સાયન્સ સીટીની શરૂઆત કરી હતી. આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સાયન્સ સિટી દેશનું માનીતું સાયન્સ ટુરિઝમનું સ્થળ બન્યું છે. ટાઈમ્સ મેગેઝીન દ્વારા ૨૦૨૨ના વિશ્વના શ્રેષ્ઠ ૫૦ સ્થળોમાં અમદાવાદ સાયન્સ સિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાતના સ્થાપના દિવસે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પાટણ ખાતે રિજિયોનલ સાયન્સ સેન્ટરનું લોકાર્પણ કર્યુ હતું. બાળકોને ડાયનાસોર વિશે માહિતી મળી શકે તે માટે મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાનાં રૈયાલી ખાતે ડાયનાસોર મ્યુઝિયમ ના ફેઝ -૨ નું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રી દ્વારા હાલમાં જ ભૂજ ખાતે રિજિયોનલ સાયન્સ સેન્ટર લોકો માટે ખુલ્લુ મૂકવામાં આવ્યું છે.

રૈયોલી ખાતે ડાયનાસોર મ્યુઝીયમ અને ફોસીલ પાર્ક

- આ ફોસિલ પાર્ક અને મ્યુઝિયમનો ઇતિહાસ અનોખો છે. વર્ષ ૧૯૮૦માં બાલાસિનોર નજીક રૈયોલીમાં પુરાતત્વવિદોને અચાનક ડાયનોસોરના હાડકાં અને અન્ય અવશેષો મળી આવ્યાં. ત્યારબાદ, દુનિયાભરના સંશોધકો આ સ્થળે દોડી આવ્યાં અને આ વિસ્તારમાં અનેક ખોદકામ કરવામાં આવ્યાં, જેના તારણોમાં એ હકીકત સામે આવી છે કે ૬૬ મિલિયન વર્ષો પહેલા ડાયનોસોરની ૧૩ કરતા વધુ પ્રજાતિઓ જોવા મળતી હતી.
- અહી રાજાસૌરસ નર્મનડેનિસ પ્રકારના ડાયનોસોર્સના અવશેષો, તેમના ઈંડાઓ અને અન્ય અશ્મિઓને ફ્રીઝ કરીને આ પાર્કની રચના કરવામાં આવી છે. આ એક ઓપન ફોસિલ પાર્ક છે, જ્યાં ટી-રેક્સ ડાયનાસોર અને બ્રોન્ટોસોરસ ડાયનાસોરના ખૂબ મોટા સ્ટેચ્યુ મૂકવામાં આવ્યા છે, જેને જોઈને એમ લાગે કે જાણે સાચા ડાયનાસોર જ આપણી સમક્ષ આવીને ઊભા હોય. અહીં જે અવશેષો સાચવવામાં આવ્યા છે તેમાં, ડાયનાસોરના સાંથળના અસ્થિઓ, આઇ હોલ એટલે કે આંખમાં છિદ્ર, ટિબિયા ફિબ્યુલા, કરોડરજ્જુના મણકાઓ, ઈંડા, પંજાઓ, ચામડી તેમજ લાકડાના અવશેષોનો સમાવેશ થાય છે. ડાયનોસોરના મગજના અવશેષો પણ આ પાર્કમાં જોવા મળે છે.



- ફોસિલ પાર્કની પાસે જ એક મ્યુઝિયમ પણ બનાવવામાં આવ્યું છે, જ્યાંથી મુલાકાતીઓ ભારત અને ગુજરાતમાં મળી આવેલા ડાયનોસોરના અવશેષોના ઇતિહાસ વિશે વિગતવાર માહિતી મેળવી શકે છે. વિવિધ પ્રજાતિઓની ઉત્ક્રાંતિ વિશે વિસ્તારપૂર્વક સમજણ આપવા માટે આ મ્યુઝિયમમાં મલ્ટિમીડિયા ડિવાઈસીસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મ્યુઝિયમ માટે બાલાસિનોરમાં એક માહિતી કેન્દ્ર પણ આવેલું છે, જેને ટાઈમ મશીન, ૫-ડી થિયેટર, ૩-ડી ફિલ્મ, મેસોઝોઈક સમયનું આબેહૂબ પ્રદર્શન, સોવેનિયર શોપ વગેરેથી સજ્જ કરવામાં આવ્યું છે. પૃથ્વીની ઉત્ક્રાંતિને પ્રદર્શિત કરતા ડિસ્પ્લે ઉપરાંત, ત્યાં રાજાસૌરસ નર્મન ડેનિસનું એક મોટું સ્કલ્પચર પણ પ્રદર્શિત કરવામાં આવ્યું છે.
- મ્યુઝિયમમાં લગભગ ૪૦ જેટલાં ડાયનોસોરના સ્કલ્પચર પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા છે, જે તેમના કદ, આકાર, આદતો અને રહેણાંક વિસ્તાર વગેરે પર પ્રકાશ પાડે છે. પુરાતત્વવિદો દ્વારા વર્ષોના કાળજીપૂર્વકના અભ્યાસ પછી આ પેટર્ન્સ તૈયાર કરવામાં આવી છે. આ અલ્ટ્રા-મોડર્ન મ્યુઝિયમની જાળવણી માટે ફોસિલ પાર્ક ડેવલપમેન્ટ સોસાયટીની સ્થાપના કરવામાં આવી છે. આ ઉપરાંત, બાળકોના મનોરંજન માટે 'ડિનો ફન' પણ બનાવવામાં આવ્યું છે.
- ફોસિલ પાર્ક અને મ્યુઝિયમ બાળકથી લઈને વડીલો સુધી તમામ ઉંમરના લોકો માટે એક પર્ફેક્ટ પ્રવાસન સ્થળ છે. આ એક મલ્ટિલેવલ એર કંડિશન્ડ મ્યુઝિયમ છે અને વ્હીલચેર્સ માટે રેમ્પ્સ અને પ્રામ્સની મદદથી તેને બાળકો તેમજ દિવ્યાંગો માટે મૈત્રીપૂર્ણ બનાવવામાં આવ્યું છે.

અમદાવાદ સાયન્સ સિટી

૧૦૭ હેકટરના વિશાળ હરિયાળા કેમ્પસ માં ફેલાયેલ સાયન્સ સિટી કેમ્પસ ના વિવિધ પ્રકલ્પો અને આકર્ષણો તમામ ઉમર ના લોકોને આકર્ષે છે. તે શિક્ષણ અને મનોરંજનનું સંપૂર્ણ મિશ્રણ છે. તે સામાન્ય માણસને વિજ્ઞાન અને ટેક્નોલોજીની સમજ પૂરી પાડવા માટે સમકાલીન અને કાલ્પનિક પ્રદર્શનો, અનુભવો, વર્કિંગ મોડલ, વર્ચ્યુઅલ રિયાલિટી, એક્ટિવિટી કોર્નર્સ, લેબ્સ અને લાઇવ ડેમોસ્ટ્રેશન બતાવે છે. હાલમાં જ અહીં ત્રણ નવા આકર્ષણોના ઉમેરા સાથે - રોબોટિક્સ ગેલેરી, એક્વાટિક ગેલેરી અને નેચર પાર્કનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **રોબોટિક ગેલેરી** : અત્યાધુનિક ગેલેરી જે રોબોટિક ક્ષેત્રનો વિકાસ દર્શાવે છે. હ્યુમનોઈડ રોબોટ મુલાકાતીઓનું સ્વાગત કરે છે અને ગેલેરીથી અવગત કરાવે છે.
- **એક્વેટિક ગેલેરી** : તે મુલાકાતીઓને જલસૃષ્ટિ ની વિશાળ દુનિયામાં લઈ જાય છે, અત્યાધુનિક લાઈફ સપોર્ટ સિસ્ટમથી સજ્જ એકવેરિયમમાં ૨૭ મીટરની વોકવે ટનલમાં વિવિધ ટેક માં શાર્ક સહિત વિવિધ જળજીવોનો સમાવેશ છે
- **નેચર પાર્ક** : ૨૦ એકર થી વધુ વિસરમાં ફેલાયેલ નેચર પાર્ક સાયન્સ સિટીનું એક ઘરેણું છે. તેમાં બાંબુ મિસ્ટ ટનલ, ઓક્સિજન પાર્ક, બટરફ્લાઈ ગાર્ડન , કલર ગાર્ડન , ચેસ , યોગા સ્પેસ તથા બાળકો માટે રમવાની જગ્યા છે.
- **એમ્ફિથિયેટર** : ગુજરાત સાયન્સ સિટી નું એમ્ફિથિયેટર (ખુલ્લુ થિયેટર) ૧૨૦૦ લોકોની ક્ષમતા ધરાવે છે અને વૈજ્ઞાનિક ઈવેન્ટ માટેનું આદર્શ સ્થળ છે.
- **એનર્જી પાર્ક** : અંદાજે ૯૦૦૦ સ્ક્વેર મીટરમાં ષટ્કોણ આકારમાં પથરાયેલ એનર્જી એજ્યુકેશન પાર્ક પ્રાચીન ભારતીય સંસ્કૃતિ નાપાંચ મૂળભૂત પાસાઓ (પંચભૂત) દ્વારા પ્રદર્શનનું વર્ગીકરણ કરે છે.
- **હોલ ઓફ સાયન્સ** : હૉલ ઓફ સાયન્સ સંશોધન માટેની વિશાળ જગ્યા છે જ્યાં અનુભવ અને પ્રેક્ટિકલ લર્નિંગ થઈ શકે છે. તે મુલાકાતીઓને જાત અનુભવ થી સમજવા માટે પ્રોત્સાહિત કરે છે
- **હોલ ઓફ સ્પેસ** : હાઇ રિઝોલ્યૂશન પિક્ચર્સ અને વિઝટર- ઈન્ટરેક્ટિવ કંટ્રોલ ડિસ્પ્લે સાથે , અવકાશ સંશોધન ક્ષેત્ર આ ક્ષેત્રની મહત્વની સફળતાઓ નું નિદર્શન કરે છે.
- **લાઈફ સાયન્સ પાર્ક** : લાઈફ સાયન્સ પાર્ક બાળકોને કુદરત તરફ પ્રેરિત કરવા અને તે દિશામાં વૈજ્ઞાનિક જાણકારી આપવા માટે કાર્યરત છે.
- **પ્લેનેટ અર્થ** : પ્લેનેટ અર્થ એ આપણા પૃથ્વી ગ્રહ વિષે જાણકારી આપે છે લોકોને કુદરતી આફતો જેમકે ભૂકંપ , જ્વાળામુખી , ભૂસ્ખલન વિષે માહિતગાર કરે છે તથા પૃથ્વીના આશ્ચર્યચકિત રહસ્યો વિષે જાણકારી આપે છે.
- **IMAX 3D** : આઈમેક્સસનો અનુભવ વૈશ્વિક સ્તરે પ્રભાવશાળી ફિલ્મ જોવાનો અનુભવ કરાવે છે. ૮ માળની ઊંચાઈ અને ૧૨૦૦૦ વોટ ડિજિટલ ઓડિઓ થી સજ્જ ટેક્નોલોજી લોકોને ક્યારેય ન અનુભવ્યો હોય તેવો દર્શનિક અનુભવ આપે છે.

ભુજ ખાતે રિજિયોનલ સાયન્સ સેન્ટર

આ સેન્ટર આશરે ૧૦ એકર જમીન ઉપર રૂપિયા ૯૦ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યુ છે. આ સાયન્સ સેન્ટર ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અંતર્ગત કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા સ્મૃતિવન પાસે, ભુજીયો ડુંગરની તળેટીમાં, માધાપર રોડ ખાતે વિકસાવવામાં આવ્યુ છે. કચ્છ ભુજની ભૌગોલિક પરીસ્થિતિને આધારે છ પ્રકારની વિવિધ થીમ આધારિત ગેલેરી વિકસાવાઈ છે.

- સ્પેસ સાયન્સ ગેલેરી : વિવિધ ખગોળીય સિદ્ધાંતો અને અવકાશી પદાર્થો પર કેન્દ્રિત વર્ણનાત્મક, ઈન્ટરએક્ટિવ અને ઈન્ફોટેઈનમેન્ટ થીમ આધારિત રાઈડ્સ ધરાવતું અંતરિક્ષ સંશોધનના ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યનો ચિતાર આપતું પ્રદર્શન નિહાળવા મળે છે.
- મરિન નેવિગેશનઃ આ ગેલેરીમાં સમુદ્ર યાત્રાનો પ્રાચીન ઇતિહાસ, વિવિધ સિગ્નલના આંતરરાષ્ટ્રીય કોડ્સ, દરિયાઈ નેવિગેશનમાં ઉપયોગમાં લેવાતી વિવિધ પદ્ધતિઓ, સાધનો કે જે સમુદ્રિ યાત્રામાં ઉપયોગમાં લેવાય છે તેની રસપ્રદ માહિતી ઈન્ટરએક્ટિવ પદ્ધતિથી દર્શાવતું પ્રદર્શન નિહાળવા મળે છે.
- એનર્જી સાયન્સ : ઉર્જાના વિવિધ સિધ્ધાંતો પર આધારિત થિયરીથી લઈને તેની વ્યવહારુ એપ્લિકેશન રસપ્રદ રીતે પ્રદર્શિત કરવામાં આવી છે.
- નેનો ટેક્નોલોજીઃ નેનો ટેક્નોલોજીના વિવિધ સિદ્ધાંતો, સાધનો, તકનીક તથા એપ્લિકેશન્સને આ ગેલેરીમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે.
- બોન્સાઈઃ બોન્સાઈ વૃક્ષ વિકસાવવાની કળા તથા તેની સાથે સંકળાયેલ વિજ્ઞાન વિવિધ ઈન્ફોગ્રાફીક્સ તથા જીવંત નમૂનાઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા છે.
- ફિલ્ડ્સ મેડલ : આ એક વિશિષ્ટતા ધરાવતી ગેલેરી બનાવવામાં આવી છે જેમાં ગણિતના ક્ષેત્રે આગવું યોગદાન આપનારા યુવા ગણિતજ્ઞો કે જેઓને ફિલ્ડ્સ મેડલ દ્વારા સમ્માનિત કરવામાં આવ્યા છે તથા ભારતના એવા ગણિતજ્ઞો જેમણે ગણિતના ક્ષેત્રમાં મહત્વનું યોગદાન આપ્યું છે, તેઓને સમર્પિત છે.

ભૂજ સાયન્સ સેન્ટરની અન્ય વિશેષતાઓ

સેન્ટરમાં ગેલેરીઓ ઉપરાંત લોકોના મનોરંજન માટે સબમરીન સિમ્યુલેટર, મરિન નેવિગેશન સિમ્યુલેટર, ૩ડ્ડ થિએટર, સોલાર ટ્રી, ફીબોનાચી સિદ્ધાંત આધારિત સ્કલ્પ્ચર, બાળકોને રમવા માટે નેનોટનલ, પી.એસ.એલ.વી. રોકેટ મોડેલ, બોન્સાઈ ગાર્ડન અને વર્કશોપ જેવી અદ્યતન સુવિધાઓનો મુલાકાતીઓને અને ખાસ કરીને વિદ્યાર્થીઓ અને સંશોધકોને હેન્ડ્સ ઓન એક્સપિરિયન્સ મળી રહે છે.

આ ઉપરાંત સાયન્સ સેન્ટર ક્લીન એનર્જી એફિસિયન્ટ બને અને સૂર્ય ઉર્જાથી વીજળી પેદા કરી તેનો ઉપયોગ કરવા માટે કેન્દ્રની મુલાકાતે આવનાર લોકોને પ્રેરણા મળી શકે તે માટે રિજિયોનલ સાયન્સ સેન્ટરમાં ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સીની મદદથી ૯૫ કે.વી. જેટલી વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતી સોલાર સિસ્ટમ પણ લગાવવામાં આવશે. ભુજનું રિજિયોનલ સાયન્સ સેન્ટર સમગ્ર કચ્છ જિલ્લામાં વિજ્ઞાન અને તકનીકી આધારિત ઈનોવેશનનું કેન્દ્ર બનશે.